# કોરોનોવાયરસ (COVID-19): અપંગતા ધરાવતા લોકો માટે સહાય

## ડિસેબિલિટિ ગેટવે

ડિસેબિલિટિ ગેટવે, કોરોનાવાયરસને કારણે સહાયની જરૂર હોય તેવા અપંગતા ધરાવતા લોકોને માહિતી અને સંદર્ભો પ્રદાન કરે છે. તે પરિવારો, સંભાળકર્તાઓ અને સહાયકર્તા કર્મચારીઓને પણ મદદ કરી શકે છે.

તમે ડિસેબિલિટિ ગેટવેનો **૧૮૦૦ ૬૪૩ ૭૮૭** પર સંપર્ક કરી શકો છો.

ડિસેબિલિટિ ગેટવે સોમવાર થી શુક્રવાર સવારના ૮થી સાંજના ૮ સુધી ઉપલબ્ધ હોય છે. તે શનિ-રવિમાં અને રાષ્ટ્રીય રજાના દિવસોમાં ઉપલબ્ધ નથી.

જો તમે બધિર હોવ અથવા સાંભળવાની કે બોલવાની ક્ષમતાની ક્ષતિ હોય તો **૧૩૩ ૬૭૭** પર રાષ્ટ્રીય રીલે સેવાને ફોન કરી શકો છો.

જો તમારે અન્ય ભાષામાં સહાયની જરૂર હોય તો, અનુવાદ અને દુભાષિયા સેવા (ટીસ નેશનલ)નો નીચે પ્રમાણે ઉપયોગ કરોઃ

- ડિસેબિલિયટિ ગેટવેને **૧૮૦૦ ૬૪૩ ૭૮૭** પર ફોન કરો અને દુભાષિયાની માંગણી કરો, અથવા

- ટીસને **૧૩૧ ૪૫૦** પર ફોન કરો અને તેમને **૧૮૦૦ ૬૪૩ ૭૮૭** પર ડિસેબિલિટિ ગેટવે સાથે જોડી આપવા કહો.

## ડિસેબિલિટિ ગેટવેને શા માટે ફોન કરવો?

તમારી જરૂરિયાતો જે સમજી શકે તેવા કોઇ સાથે તમે વાત કરી શકો તે માટે ડિસેબિલિટિ ગેટવેની સ્થાપના કરવામાં આવી છે.

જો તમે એકલતા, મુંઝવણ અથવા કોરોનોવાયરસ વિષે બેચેની અનુભવતા હોવ અથવા જો તમે અપંગતા ધરાવતા લોકોને અસર કરતી ચોક્કસ પરિસ્થિતિઓની ચર્ચા કરવા માંગતા હોવ, તો અમે મદદ કરી શકીએ છીએ. ઉદાહરણ તરીકે, જો તમારા સપોર્ટ વર્કર આવ્યા નથી, તમારા પ્રદાતાએ સેવાઓ બંધ કરી દીધી છે અથવા તમારા માટે ખોરાક, દવાઓ અથવા અન્ય આવશ્યક વસ્તુઓ મેળવવાનું મુશ્કેલ છે.

ડિસેબિલિટિ ગેટવે તમને સ્પષ્ટ અને હકીકત ચકાસાયેલી માહિતી પ્રદાન કરશે, અને જો તમે ઇચ્છો તો, પરામર્શ અથવા હિમાયતી સેવાઓ જેવી તમને વધુ મદદ કરી શકે તેવી સેવાઓમાં તમને સ્થાનાંતરિત કરશે.

## કોરોનાવાયરસ સુલભ અને અનુવાદિત સંસાધનો

સરળતાથી વંચાય તેવા અને ઑસ્લેન સહિત કોરોનાવાયરસ વિષેના શ્રેણીબધ્ધ સુલભ સંસાધનો **[www.disabilitygateway.gov.au](http://www.disabilitygateway.gov.au)** પર ઉપલબ્ધ છે.

૬૩ ભાષાઓમાં અનુવાદિત થયેલ કોરોનાવાયરસ વિષેની માહિતી તમે ગૃહ ખાતાની વેબસાઇટ પર પણ મેળવી શકો છો.

## નવીનતમ માહિતી

ઓસ્ટ્રેલિયામાં કોરોનાવાયરસ વિષેની નવીનતમ માહિતી અને વાયરસને ફેલાતો અટકાવવા સરકાર અને તમારું રાજ્ય અથવા પ્રદેશ શું પગલાં લઇ રહ્યા છે  તે સહિત નવીનતમ આરોગ્ય અને સત્તાવાર સલાહ માટે ઓસ્ટ્રેલિયાની સરકારની વેબસાઇટની મુલાકાત લેશો.

## ફરિયાદ કેવી રીતે કરવી

અપંગતા ધરાવતા લોકોને તેઓ મેળવી રહ્યા હોય તે સેવાઓ વિષે ફરિયાદ કરવાનો અધિકાર છે. જો તમને તમારી હાલની સહાય અથવા સેવાઓ વિષે ચિંતા હોય તો, તમે નીચેનાનો સંપર્ક કરી શકો છોઃ

- એનડીઆઇએસ ક્વોલિટી એન્ડ સેફગાર્ડ કમિશન - જો તમે મેળવી રહેલ એનડીઆઇએસ સહાય અથવા સેવાઓની ગુણવત્તા અથવા સલામતી વિષે તમને ચિંતા હોય
- નેશનલ ડિસેબિલિટિ ઇન્શ્યોરન્શ એજન્સી (એનડીઆઇએ) - જો તમને તમારા એનડીઆઇએસ પ્લાન અથવા એનડીઆઇએ વિષે ચિંતા હોય
- નેશનલ અબ્યુઝ એન્ડ નિગલેક્ટ હોટલાઇન - અપંગતા ધરાવતા લોકોની સાથે થઇ રહેલ ગેરવ્યવહાર અને ઉપેક્ષાની જાણ કરવા માટે

- કંપ્લેઇન રીઝોલ્યુશન એન્ડ રેફરલ સર્વિસ - જો ડિસેબિલિટિ એમ્પ્લોયમેન્ટ સર્વિસીઝ (ડીઇએસ), ઓસ્ટ્રેલીયન ડિસેબિલિટિ એન્ટરપ્રાઇઝીસ (એડીઇ) અને/અથવા ડિસેબિલિટિ એડવોકસી સર્વિસીઝ દ્વારા પ્રાપ્ત થતી સેવાઓ બાબતમાં તમને કોઇ ચિંતા હોય તો
- ડીએસએસ કંમ્પ્લેઇન લાઇન - જો તમને સામાજિક સેવાઓના ખાતા દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવતું હોય તેવા બીજા કોઇ પણ પ્રદાતા વિષે ચિંતા હોય

## વધુ માહિતી

અપંગતા ધરાવતા લોકો માટે શ્રેણીબધ્ધ સેવાઓ અને યોજનાઓ માટે ઓસ્ટ્રેલિયાની સરકાર ભંડોળ આપે છે. તમે, બીજા કોની સાથે વાત કરી શકો છો તે જાણવા અથવા વધુ માહિતી મેળવવા માટે **www.disabilitygateway.gov.au**ની મુલાકાત લો

છેલ્લો સુધારો ફેબ્રુઆરી ૨૦૨૧.